ઘરવેરા વિભાગ
(પશ્ચિમ)
જા. નં. ૬ ૭૭
તા. ૨૭-૩/૧૫

# ભાવનગર મહાનગરપાલિકા
## મહાનગરસેવા સદન, ભાવનગર

કમિશ્નર કચેરી
મહાનગરપાલિકા
ભાવનગર
તા.૨૭/૦૩/૨૦૧૫

**-: દફતરી હુકમ :-**

**વંચાણે લીધું :-** (૧) ગુજરાત સરકારના શ.વી. અને શ.ગૃ.નિ. વિભાગના ઠરાવ ક્રમાંક: ભમન/૮૦૨૦૧૧/૧૦૪૪/પી તા.૦૨/૦૪/૨૦૧૩.
(૨) એસેસમેન્ટ સેલ જા.નં.૧૪ તા.૦૫/૦૪/૨૦૧૩.
(૩) ગુજરાત સરકારના શ.વી. અને શ.ગૃ.નિ. વિભાગના ઠરાવ ક્રમાંક: ભમન/૮૦૨૦૧૧/૧૦૪૪/પી(પાર્ટ) તા.૧૨/૦૨/૨૦૧૪.

સંદર્ભ (૧) થી રાજય સરકારશ્રી ધ્વારા ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગના નિયમો મંજુર થયેલ છે. સંદર્ભ (૨) વાળા હુકમથી તેનો અમલ કરવામાં આવેલ છે. સંદર્ભ (૩) થી નિયમોમાં સુધારો દાખલ કરવામાં આવેલ છે. ધી બી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ની કલમ ૬૭ તથા કલમ ૧૪૧(બી) હેઠળ રાજય સરકારશ્રી ધ્વારા મંજુર થયેલ ઘરવેરા અંગેના કાર્પેટ એરીયા કર પધ્ધતિના નિયમોની જોગવાઈ નિયમ-૮-ખ(૪)(ક) થી (છ) અંતર્ગત કમિશ્નરને મળેલ સતાની રૂએ ઘરવેરા અંગેના કાર્પેટ એરીયા કર પધ્ધતિના નિયમો તથા અન્ય બાબતે રહેલ અસ્પષ્ટતાઓ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી બનેલ હોવાથી પુખ્ત ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબની સ્પષ્ટતાઓ કરતો આદેશ કરવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧. શો-રૂમ તથા દુકાનો કે જેનો કાર્પેટ એરીયા ૩૫ ચો.મી.થી વધારે હોય તેવી મિલકતને NU-1 તરીકે ગણવાનું રહેશે. પરંતુ એરકન્ડીશન્ડ મોલમાં આવેલ તમામ યુનિટને NU-1 તરીકે ગણવાનું રહેશે. તેમજ શો-રૂમ તથા દુકાનોમાં વેચાણની સાથે રાખવામાં આવેલ સ્ટોક વાળી જગ્યાને અલગ રીતે ગોડાઉન તરીકે ગણવામાં આવશે નહીં.

૨. સોના ચાંદીની વેચાણની દુકાનો સાથેના સોનીકામની જગ્યાને NU-1 તરીકે ગણવામાં આવશે.

૩. એકાઉન્ટન્ટસની ઓફીસો, તમામ પ્રકારના કન્સલ્ટન્ટસની ઓફીસો, એડવોકેટસની ઓફીસોને NU-2 તરીકે ગણવાનું રહેશે.

૪. અલંગના ડેલાવાળા ધંધાના હેતુ માટેની જગ્યાને NU-3 તરીકે ગણવાનું રહેશે.

૫. ઔદ્યોગીક એકમ સિવાયના અલગ રીતે આવેલ તમામ પ્રકારના ગોડાઉનને NU-2 તરીકે ગણવાનું રહેશે.

૬. સ્થાનિક વિસ્તારમાં આવેલી જાહેર જનતા માટેની અનાજ દળવાની ઘંટીવાળી મિલ્કતને NU-4 તરીકે ગણવાનું રહેશે.

૭. ૩00% મુજબના બિલ બાબતે, જે કિસ્સામાં ૨૦૧૨-૧૩ના બિલમાં શિક્ષણ ઉપકર "0"(શૂન્ય) આવતો હોય તે કિસ્સામાં કાર્પેટ એરિયા કર પધ્ધતિના બિલ મુજબની શિક્ષણ ઉપકરની રકમ વસુલ લેવાની રહેશે.

૮. ખેતીના હેતુ માટેની ખુલ્લી જમીનનો ટેકસ લેવાનો રહેતો નથી. પરંતુ બિનખેતી થયેલ જમીનો માટે કલેકટર કચેરીના બિનખેતી હુકમની તારીખથી અથવા બિનખેતી થયેલ ન હોય પરંતુ જમીનના બિનખેતી ઉપયોગ શરૂ થઈ ગયેલ હોય તે કિસ્સામાં આવી જમીનનો જે તે ઉપયોગના હેતુ માટે અને ઉપયોગની તારીખથી ટેકસ વસુલવાનો રહેશે.

કમિશ્નર
મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ રવાના :-</u>

(૧) સચિવશ્રી,
મહાનગરપાલિકા, ભાવનગર
(૨) નાયબ કમિશ્નરશ્રી(એડમીન)
(૩) નાયબ કમિશ્નરશ્રી(જનરલ)
(૪) સીટી એન્જીનિયરશ્રી

<u>નકલ જાણ તથા અમલ થવા સારૂ :-</u>

(૫) ચીફ ઓડીટરશ્રી
(૬) ચીફ એકાઉન્ટન્ટશ્રી
(૭) પ્રોપર્ટી ટેકસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી(પૂર્વ/પશ્ચિમ)
(૮) ઈ.ડી.પી. મેનેજરશ્રી
(૯) રીકવરી અધિકારીશ્રી
(૧૦)સંબધીત પ્રકરણે